# Minority Coordination Committee Gujarat

**402, Kama Commercial Complex, Opp Mirzapur Court, Mirzapur, Ahmedabad, 079-25626230**

પ્રતિ શ્રી

**શ્રી મોહસીન લોખંડવાલા, શ્રી વજીર ખાન પઠાણ, શ્રી અમજદ ખાન પઠાણ,**

અધ્યક્ષશ્રીઓ અલ્પસંખ્યક મોરચા, ગુજરાત

ભાજપા, કોંગ્રેસ, આપ

વિષય- **ગુજરાતમાં પ્રસ્તાવિત UCC કાયદા દ્વારા અલ્પસંખ્યક સમુદાયના લોકોના મૂળભૂત અધિકારો પર થનારી તરાપ સંદર્ભે.**

સાહેબ શ્રી,

આપ સૌ જાણો છો કે ગુજરાત સરકાર દ્વારા રાજયમાં UCC કાયદો ઘડવા માટે એક કમેટી ગઠિત કરી છે જે ઉત્તરખંડની જેમ ગુજરાતમાં પણ UCC કાયદો ઘડશે.

સાહેબ શ્રી બંધારણના અનુછેદ 44 રાજ્યના નીતિ નિર્દેશક તત્વોમાં આવે છે. અનુચ્છેદ ૪૪ જે આખા દેશમાં સમાન નાગરિક સંહિતા બાબતે છે, જે કેન્દ્ર સરકાર નથી કરતી પરંતુ ગુજરાત સરકાર ઉત્સુક છે. UCC માટે એક કમેટીની પણ રચના કરી છે જેના અધ્યક્ષ ઉત્તરાખંડના UCC ના પણ અધ્યક્ષ હતા, જે ૯૦ દિવસમાં પોતાના ડ્રાફ્ટ સરકારને સુપ્રદ કરશે.

ઉત્તરાખંડના કાયદામાં એવી જોગવાઈઓ છે જે સીધી રીતે મુસ્લિમ ધર્મના મૂળ કુરાન શરીફમાં ઉલ્લેખિત વિધિ-વિધાનનો ભંગ કરે છે.

આપ બધા જાણો છો કે બંધારણ ના અનુચ્છેદ  ૨૫ માં અંતઃકરણનું અને મુક્ત રીતે ધર્મની માન્યતા,પાલન અને પ્રચારનું સ્વાતંત્ર્ય મડેલ છે, અનુચ્છેદ  ૨૯ માં લઘુમતીઓના સંસ્કારિક હિતોને રક્ષણ મળેલ છે, જે મૂળભૂત અધિકાર છે.

**આપ શ્રી થી વિનંતી છે કે આપ સરકાર શ્રીને પત્ર લખીને જણાવો કે અલ્પસંખ્યક ધર્મોની પવિત્ર પુસ્તકોમાં ઉલ્લેખિત કોઈ પણ બાબત પર કોઈપણ પ્રકારનો દખલ અમને સ્વીકાર નથી, તેમજ આપના પક્ષના પદાધિકારીઓ, કાર્યકર્તાઓને પણ જણાવો તેઓ આ બાબતે સરકાર શ્રીને પોતાનો વિરોધ નોંધાવે અને ધાર્મિક મામલાઓમાં થનારી દખલગીરીને અટકાવવા માટે પ્રયત્ન ના ભાગ રૂપે #rejectucc અભિયાન ને 9409185104 ઉપર મિસ્ડ કોલ કરી સમર્થન આપે.**

તા- 19-3-25

આપનો,

**મુજાહિદ નફીસ**

કન્વીનર

૯૩૨૮૪૧૬૨૩૦